વડીલોને વંદન અભિનંદન

આજે જન્મદિવસ

સુવીણા કૃષ્ણાનંદ ચિતણીયા
(૧૯૩૮) ફોન: ૨૩૨૨૧૯૪૮

મનહરલાલ પી. ધાબલીયા
(૧૯૩૮) મો.૯૬૨૪૦૨૦૨૬૭

કલોલમાં ધમધમતી નકલી ઘીની ફેકટરી પર પોલીસનો દરોડો

૭.૫૬ લાખના મુદ્દામાલ સાથે ચારની ધરપકડ : ૧૫ દિવસ પહેલા જ વેપલો શરૂ કર્યો હોવાની કેફીયત

કલોલ, તા.૧

કલોલ તાલુકાની છત્રાલ જીઆઈડીસીમાં નકલી ઘીની ફેકટરી ધમધમી રહી હોવાની બાતમીને આધારે કલોલ તાલુકા પોલીસે દરોડો પાડીને ૧૫-૧૫ કિલોના ૧૧૫ ઘીના ડબ્બા સહીત ઘી બનાવવા વપરાતી સાધન સામગ્રી અને ટ્રક મળી રૂ. ૭.૫૬ લાખનો મુદ્દામાલ કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. નકલી ઘી બનાવતા ફેકટરીના બે માલિક તથા ચોકીદાર અને ડ્રાઈવર સહિત ચાર શખ્સોની ધરપકડ કરી તેમની સઘન પુછપરછ શરુ કરવામાં આવી છે. દિવાળી પહેલા જ પોલીસે પકડી પાડેલી નકલી ઘી ની ફેકટરી બાદ તેના માલિકોએ અગાઉ કયાં કયાં ઘી ના સોદા કર્યા છે તે તમામ બાબતે પોલીસે પુછપરછ આરંભી છે.

કલોલ તાલુકા પી.આઈ. પી.ઓ. ભટ્ટને બાતમી મળી હતી કે છત્રાલ જીઆઈડીસીમાં 'યુનિ વિશ્વા પ્લાસ્ટીક' નામની ફેકટરી, ફેજ નં. ૪, પ્લોટ નં. ૩૫૧૨માં બનાવટી ઘીનો મોટા પાયે ધંધો ચાલી રહ્યો છે. બાતમી મળતાની સાથે જ પી.આઈ. તેમની ટીમ સાથે બાતમીવાળા સ્થળે પહોંચી ગયા હતા અને રેડ પાડીને નકલી ઘી બનાવવા વપરાતું મટીરીયલ્સ ઉપરાંત ખાલી ડબ્બા, ચુલા, સીલીન્ડર, વનસ્પતિ ઘી, કલર તથા તપેલાઓ તથા ૧૫-૧૫ કિલો વજનના નકલી ઘી ભરેલા ૧૧૫ ડબ્બા સહીતનો જથ્થો ઝડપી પાડયો હતો. રૂ. ૨.૩૦ લાખનું નકલી ઘી ઉપરાંત દરોડા સ્થળેથી જીજે ૬ એકસ એકસ ૬૨૮૭ નંબરની મીની ટ્રક મળીને પોલીસે કુલ રૂ. ૭.૫૬ લાખની મત્તા કબ્જે લીધી છે. નકલી ઘીની ફેકટરી ચલાવતા કુબેરનગરના બે માલિક મનુ હરીરામ ભકલાણી, શ્યામલાલ ઠાકુમલ લાખાણી તથા ભીલોડા ખાતે રહેતો ચોકીદાર ધનજી કાનજી ડામોર અને દેત્રોજ નો રહેવાસી ડ્રાઈવર કનુ વજુભાઈ ઠાકોર મળીને ચાર શખ્સોની ધરપકડ કરી સઘન પુછપરછ શરુ કરવામાં આવી છે. પ્રાથમિક પુછપરછમાં આરોપીઓએ પખવાડિયા પહેલા જ ધંધો શરુ કર્યો હોવાની કેફિયત આપી રહ્યા છે.

આજે અને કાલે મધ્યરાત્રિએ આકાશમાં ટોરીડ્સ ઉલ્કાવર્ષાનો અદ્ભૂત નજારો જોવા મળશે

ગાંધીનગર, તા. ૧

દુનિયાભરના લોકોએ છેલ્લા પંદર દિવસમાં ડ્રેકોનીડ્સ અને આરીયોનીડ્સ ઉલ્કાવર્ષાનો અદ્ભૂત નજારો આકાશમાં નિહાળી રોમાંચિત થયા હતા. ત્યાં આજથી બે દિવસ અવકાશમાં ટોરીડ્સ ઉલ્કાવર્ષાનો અદ્ભૂત નજારો જોવા મળશે. સ્વચ્છ આકાશમાં કલાકના ૫૦ થી ૨૦૦ વચ્ચે ઉલ્કા પડતી જોવા મળશે. આકાશમાં રીતસર ઉલ્કાના વરસાદના કારણે દિવાળીના ફટાકડાની આતશબાજી જોવા મળશે. રાજ્યના લોકોને ઉલ્કાવર્ષા નિહાળવા ભારત જન વિજ્ઞાન જાથાની રાજ્ય કચેરીએ કરી છે.

જાથાના રાજ્ય ચેરમેન જયંત પંડ્યા જણાવે છે કે તા. ૧ની મધ્યરાત્રિથી તા. ૩ જી નવેમ્બરની વહેલી પરોઢ સુધીમાં ટોરીડ્સ ઉલ્કાવર્ષા આકાશમાંથી પડતી જોવા મળશે. ગુરુથી શનિવાર વહેલી સવાર સુધી આકાશમાં રીતસર ઉલ્કાનો વરસાદ જોવા મળશે. કલાકના ૫૦ થી ૨૦૦ તેનાથી ઉપર પણ ઉલ્કા પડતી નજરે પડશે. અવકાશી અજ્ઞાનતાના કારણે આકાશમાં અગ્નિના બિહામણા દશ્યો જોઈ અચુક લોકો અચંબા સાથે હોનારતનો અનુભવ, ભયમાં આવી જશે. વાસ્તવમાં ઉલ્કાવર્ષા પડતી હશે.

વધુમાં જાથાના પંડ્યાએ જણાવ્યું કે ટોરીડસ ઉલ્કાવર્ષા મહત્તમ ગુરૂવારની મધ્યરાત્રીથી શનિવારની વહેલી પરોઢ સુધી આકાશમાં જોવા મળશે. નરી આંખે નિર્જન જગ્યાએથી સ્પષ્ટ રીતે ચારેય દિશામાં જોઈ શકાય છે. આ ઉલ્કાવર્ષાઓ પાછળ ધૂમકેતુઓ કારણભૂત છે. ઉલ્કાનો વેગ સેકન્ડના ૩૦ કિલોમીટર જેટલો અનુમત છે. વાતાવરણમાં રહેલ વાયુઓ સાથે ઘર્ષણના કારણે આ ટુકડાઓ સળગી ઉઠે છે. અને તેજ લીસોટા, અગ્નિ સ્વરૂપે જોવા મળે છે. ઉલ્કાવર્ષા મોટાભાગે વહેલી પરોઢે મહત્તમ પડતી જોવા મળે છે. ખગોળરસિકો દરિયાઈ, પર્વતીય, ખડકાળ, નિર્જન જગ્યાઓ ઉપર પસંદગી કરી ઉલ્કા પડવાનો આનંદ લૂંટે છે. અમુક લોકો વૈજ્ઞાનિક ઉપકરણથી ઉલ્કાની ફોટોગ્રાફી, પડવાની નોંધ રાખે છે.

હિંમતનગરમાં અમૃતમ યોજનાનો શુભારંભ

હિંમતનગર, તા. ૧

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર ખાતે ઉત્તર ગુજરાતમાં આવેલ હિંમતનગરની મેડીસ્ટાર હોસ્પિટલ ખાતે મુખ્યમંત્રી અમૃતમમાં યોજનાનો શુભારંભ કરવામાં આવ્યો છે.

મુખ્યમંત્રી અમૃતમ (મા યોજના) અંતર્ગત ઉત્તર ગુજરાતના હિંમતનગર સ્થિત મેડીસ્ટાર હોસ્પિટલમાં હેલ્થકાર્ડ (બીપીએલ કાર્ડ) ધારકોને વિના મૂલ્યે સારવાર કરવામાં આવશે જેમાં બર્ન્સ, બાળકોની સર્જરી તેમજ અન્ય ગંભીર બિમારીની પણ ઉત્તમ સેવા આપવામાં આવશે. ઉપરાંત કીડનીમાં પથરી અને કેન્સર જેવા રોગના દર્દીઓને પણ દૂરબીનની મદદથી નિરાકરણ અને ઓપરેશન પણ કરી આપવામાં આવશે.

કેન્યા-ગુજરાત વચ્ચે આર્થિક, ઔદ્યોગિક સંબંધ ગાઢ બનશે

ગાંધીનગર, તા. ૧

આફ્રિકન દેશ કેન્યાના વડાપ્રધાન શ્રીયુત રાયલા અમોલો ઓડિન્ગા એ આજે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સાથે સૌજન્ય મુલાકાત કરીને કેન્યા અને ગુજરાત વચ્ચે આર્થિક -ઔદ્યોગિક અને શૈક્ષણિક સંબંધો વધુ વ્યાપક ફલક ઉપર વિકસાવવા ફળદાયી પરામર્શ કર્યો હતો.

શ્રીયુત રાયલા ઓડિન્ગા આજે સવારે મુંબઈથી ગાંધીનગર પહોંચ્યા હતા. અને મુખ્યમંત્રીના નિવાસસ્થાને લગભગ એક કલાક સુધી સૌજન્ય બેઠકમાં ગુજરાત અને કેન્યા વચ્ચેના પારસ્પરિક સહભાગીતાના ક્ષેત્રો અંગે વિગતવાર ચર્ચા કરી હતી. આ બેઠકમાં મોમ્બાસાના ઉદ્યોગપતિ મોહમદ જફર, જે. આર. કોફ અને વડાપ્રધાનના સ્પેશિયલ એડવાઈઝર અહેમદ કાસીમ પણ ઉપસ્થિત હતા. મુખ્યમંત્રીએ તેમની ૨૦૦૮ની કેન્યાની ઉચ્ચ સ્તરીય ગુજરાત ડેલીગેશનની મુલાકાત અને વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૦૯માં કેન્યાના વડાપ્રધાન નેતૃત્વમાં આવેલા કેન્યા ડેલીગેશનના પ્રવાસની ફલશ્રુતિરૂપે ગુજરાત અને કેન્યા વચ્ચે સહયોગના ક્ષેત્રો વિકસાવવાની નવી ક્ષિતિજોએ આકાર લીધો છે, એમ જણાવી આગામી જાન્યુઆરી ૨૦૧૩ની વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં ભાગ લેવાનું નિમંત્રણ આપ્યું હતું. કેન્યામાં આગામી માર્ચ મહિનામાં રાષ્ટ્રપ્રમુખની ચૂંટણી યોજાવાની છે તેમાં શ્રીયુત રાયલા ઓન્ડિગા પણ ઉમેદવાર છે.

શ્રીયુત ઓન્ડિગાએ ગુજરાતના વિકાસની ભૂમિકા અને વિશેષ કરીને ગેસ પેટ્રોલિયમ, સોલાર એન્ડ વિન્ડ એનર્જી, ડાયમંડ સહિત ખાણ-ખનિજ, એગ્રો પ્રોસેસિંગ એન્ડ ફર્ટિલાઈઝર્સ ક્ષેત્રોમાં કેન્યા અને ગુજરાત વચ્ચે સહભાગીતાનું ફલક વિકસાવવામાં રસ દાખવ્યો હતો. આ ઉપરાંત યુવાનોના કૌશલ્ય નિર્માણ, એલએનજી ટર્મિનલ, પાવર-એનર્જી ઈન્ફ્રાસ્ટ્રકચરના વિષયો અંગે પરામર્શ કર્યો. કેન્યા પણ ઈન્ફરમેશન ટેકનોલોજીના નેટવર્કમાં ગુજરાત સાથે ટેલીમેડિસીનનો સુપર સ્પેશિયાલીટી પ્રોજેક્ટ કરી શકે છે. અને ગુજરાત જે રીતે સ્પેશિયલ યુનિવર્સિટી એજ્યુકેશન દ્વારા માનવશક્તિ વિકાસના ક્ષેત્રોમાં વિશ્વભરની યુનિવર્સિટીઓ સાથે સહયોગનું ફલક વિકસાવી રહ્યું છે તેમાં કેન્યા અને ગુજરાત વચ્ચે યુનિવર્સિટી એજ્યુકેશનનો ઘણો વિશાળ અવકાશ છે એમ કેન્યાના પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું.

પાલનપુરમાં ધોળે દહાડે કોમર્સ કોલેજના પ્રોફેસરના

નવ લાખ રૂપિયા લૂંટી અજાણ્યા બાઈકસવારો ફરાર

પાલનપુર, તા. ૧

પાલનપુરમાં ઘણા સમયથી અસામાજિક બદીઓનો ગ્રાફ તેજ ગતીએ સડસડાટ આગળ વધી રહ્યો છે તેમાં એક ચોંકાવનારી ઘટના એ જ પાલનપુર શહેરમાં ધોળે દહાડે પ્રોફેસરના ૯ લાખ રૂપિયાની લૂંટનો બનાવ બનતા શહેરભરમાં ભારે ચકચાર મચી જવા પામી છે.

આ ચકચારી સનસનાટી ભરી રોકડ રકમની લૂંટ અંગે પ્રાપ્ત વિગતોનુસાર પાલનપુર હાઈવે પર જી. ડી. મોદી સંકુલમાં આવેલ કોમર્સ કોલેજના હેડ પ્રો. મહેશભાઈ કે. મકવાણાના બીજા બે પ્રોફેસરો સાથે નાણાંકીય કામ અંગે જૂનાગંજ રોડ પર આવેલ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાંથી પ્રો. એમ. કે. મકવાણાએ રૂપિયા તેમના મકાન ખરીદવાના કામ અંગે પેમેન્ટ આપવાનું હોવાથી રૂ. ૯ લાખ લઈ બીજા સાથીદાર પ્રોફેસર સાથે બેંક બહાર નિકળી તેમના વેસ્પા કંપનીના સ્કુટર પર કોલેજ પાછળ આવેલ ક્ષ્ણનગર,

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

આનંદનગર વિસ્તારમાં રહેતા પ્રોફેસર મકવાણા તેમના ઘરે જવા રવાના થયેલ.

તે દરમિયાન કોઝીથી ઢુંઢિયાવાડી રોડ પર થઈને જીઆઈડીસીથી આગળ જામપુરા, પ્રાથમિક શાળા પાસે તેમના ઘર તરફ વળતા પાછળથી કોઈ અજાણ્યા શખ્સો બુમો મારતાં તેમના સ્કુટર માટીવાળા રસ્તામાં ધીમું પડી ગયેલ અને બેંકથી તેમનો પીછો કરી રહેલ બે અજાણ્યા શખ્સો કાળા રંગની બાઈક પર સવાર હતા. તેમને ધનધુકીયાના હાથ પર રહેલી પ્લાસ્ટિકની થેલી જેમાં રૂ. ૯ લાખ રોકડા હતા. તેમાં પાંચસોના દરની ચલણી નોટો લઈ પલવારમાં નાસી છુટ્યા હતા.

આમ અચાનાક તેમનો પરસેવાની કમાણી પળવારમાં જ આ રીતે લૂંટાઈ જતા પ્રોફેસર મકવાણા ગભરાઈ ગયા હતા. તરત જ તેમને આ

અંગે તેમના સાથીદારો, પરિવારજનો અને પોલીસને જાણ કરી હતી. પોલીસ ટીમ સાથે ઘટના સ્થળેથી પરત એસ.બી.આઈ. જુનાગંજ રોડ ખાતે આવી પોલીસ સાથે તપાસમાં જોડાયા હતા.

આ ઘટના અંગે સમગ્ર શહેરમાં ભારે ચકચાર મચી જવા સાથે શહેરીજનોની સલામતી માથે ઘેરા વાદળો છવાઈ જવા પામ્યા છે. આ બનાવ અંગે ડીએસપી અશોક યાદવ સ્ટેટ બેંક ખાતે દોડી આવી બેંક સતાતાવાળા અને લૂંટનો ભોગ બનનારને રૂબરૂ મળીને સત્વરે આ ગુનાનો ભેદ ઉકેલવા માટે એસપીએ હૈયાધારણા આપી હતી. આ બનાવ અંગે તપાસ હાથ ધરવા માટે પ્રોબેશન ડીવાયએસપી જાડેજા, પશ્ચિમ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. સુરેજા સાથે એલસીબી, એસઓજી અને અન્ય એજન્સીઓ કામે લાગી ગયેલ છે. શહેરમાં પ્રવેશતા અને બહાર નિકળતાં નાના-મોટા તમામ માર્ગો પર ટ્રાફિક પોલીસ સહિતનો સ્ટાફ એસ.પી. અશોક યાદવની સૂચનાથી નાકાબંધી કરવામાં આવી હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું.

આમ, જિંદગી ભરની કમાણી જીવન જીવવા માટે પ્રોફેસરે નવું ઘર લીધેલ તે અંગેનું પેમેન્ટ અને જીવનની મૂડી રૂ. નવ લાખ આ રીતે ધોળેદહાડે લૂંટાઈ જતાં તેમની હાલત ભારે કફોડી થઈ જવા પામેલ હતી. આ લૂંટ અંગે પશ્ચિમ સિટી પોલીસ સ્ટેશને મોડી સાંજે ફરિયાદની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. નવલ લાખની લૂંટ અંગે પોલીસે લૂંટનો ગુનો દાખલ કરી સઘન તપાસ હાથ ધરી છે.

પ્રાંતિજમાં ખેતરવાળી મેલડીમાનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

પ્રાંતિજ, તા. ૧

પ્રાંતિજ રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલ ખેતરવાળી મેલડી માતાજી મંદિર મૂર્તિનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો. જેમાં શોભાયાત્રા હવન પૂજન અને સ્થાપનવિધિ યોજાઈ હતી અને હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતા. પ્રાંતિજના રેલવે સ્ટેશન વિસ્તારમાં ખેતરવાળી મેલડી માતાજીનું ભવ્ય મંદિર આવેલ છે. આ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ માટે માઈ ભક્તો પંકજભાઈ રાવલ તથા અમરતભાઈ રાવલ રવિવારે હજારો શ્રદ્ધાળુઓની હાજરીમાં માતાજીની ભવ્ય શોભાયાત્રા નિકાળવામાં આવી હતી. જે બાદ પૂજા અર્ચના અને શાસ્ત્રોકવિધિ કરી માતાજીની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી હતી. આ પ્રસગે મહેસાણા બનાસકાંઠા, ખેડા, આણંદ સહિત અનેક જિલ્લામાંથી ભક્તો જોડાયા હતા અંતે પૂ. બળદેવ ગિરીબાપુએ આશીર્વચન પાઠવ્યા હતા.

વડગામ તાલુકાના માહી ગામે રૂ. ૨૦૦ની લેતી-દેતી માટે

હત્યા કરનાર આરોપીને આજીવન કેદની સજા ફટકારતી નામદાર કોર્ટ

પાલનપુર, તા. ૧

એક વર્ષ અગાઉ વડગામ તાલુકાના માહી ગામે રૂ. ૨૦૦ માટે હત્યા કરનાર આરોપીને પાલનપુરની નામદાર કોર્ટે આજીવન કેદ અને રૂ. ૫૦૦ના દંડની સજા ફટકારતા કોર્ટ સંકુલમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો હતો. વડગામ તાલુકાના માહી ગામે થયેલ હત્યા પ્રકરણની વિગત જોઈએ તો ગત તા. ૩૧-૮-૧૧ના રોજ ૨૦૦ રૂપીયાની લેતી દેતીમાં ઉશ્કેરાયેલા આરોપી મુકેશ શંકરલાલ પટણીએ મહેશ પૂનમભાઈ પટણીને છાતીના ભાગે લોખંડની ખિલાસરી મારી મોતને ઘાટ ઉતાર્યો હતો. આ બનાવ અંગે છાપી પોલીસમથકે આરોપી મુકેશ શંકરલાલ પટણી વિરૂદ્ધ હત્યાનો ગુનો નોંધાયો હતો. આ મર્ડર કેસ પાલનપુરની એડીશનલ ત્રીજા સેસન્સ જજશ્રી ગાંધી સાહેબની કોર્ટમાં આજે ચાલ્યો હતો.

જેમાં સરકારી પક્ષના વકીલ દિપકભાઈ પુરોહીતે હત્યાકેસ સંદર્ભે કરેલી ધારદાર દલીલો અને પુરાવાને ધ્યાને લઈ નામદાર ન્યાયાધીશે આ કેસમાં આરોપીને કસુરવાર ઠેરવી તેને હત્યાના ગુના હેઠળ આજીવનકેદ તેમજ રૂ. ૫૦૦ના દંડની સજા ફટકારતા કોર્ટ સંકુલમાં ભારે સન્નાટો મચી જવા પામ્યો હતો. આમ પાલનપુરની નામદાર કોર્ટે હત્યા કેસના આરોપીને આજીવનકેદની સજા ફટકારી સમાજમાં ગુનાખોરી અટકાવવા ગુનેગારો માટે લાલબત્તી સમાન ઉદાહરણ પુરૂ પાડ્યું છે.

રાજ્યના સચિવોએ ભ્રષ્ટાચાર નિવારણના મામલે શપથ લીધા

ગુજરાત તકેદારી આયોગ દ્વારા સતર્કતા જાગૃતિ સપ્તાહ નિમિત્તે વહીવટમાં પારદર્શિતા લાવવાની વિશેષ હિમાયત

અમદાવાદ, તા. ૧

ગુજરાત સરકાર અને ગુજરાત તકેદારી આયોગ દ્વારા ભ્રષ્ટાચાર નિવારણ અંગે ઉજવાઈ રહેલા સતર્કતા જાગૃતિ સપ્તાહ અંતર્ગત આજે ગાંધીનગર ખાતે આયોગના કમિશનર ડો. મંજુલા સુબ્રમણ્યમના અધ્યક્ષસ્થાને મળેલી બેઠકમાં ઉપસ્થિત રાજયના જુદા જુદા વિભાગના સચિવોએ ભ્રષ્ટાચાર નિવારણ અંગે શપથ લીધા હતા.

ગુજરાત તકેદારી આયોગના કમિશનર ડો. મંજુલા સુબ્રમણ્યમે બેઠકના અધ્યક્ષસ્થાનેથી ઉદબોધન કરતાં જણાવ્યું હતું કે, બજેટના કદમાં વધારો થઈ રહ્યો છે ત્યારે પ્રજાની સુખાકારી માટે વધુને વધુ વિકાસ કાર્યો હાથ ધરાય તે સ્વાભાવિક છે. પરંતુ આવા કાર્યોમાં ભ્રષ્ટાચારને નિવારવો જોઈએ અને વધુને વધુ પારદર્શિતા સધાવી જોઈએ.

પ્રચાર-પ્રસાર માધ્યમોનો પ્રભાવ, માહિતીનો અધિકાર-આરટીઆઈ, ટેકનોલોજીનો વિકાસ અને લોકજાગૃતિને કારણે આજે પ્રજાકીય કાર્યોના અમલીકરણ ક્ષેત્રે વધુને વધુ પારદર્શિતા આવતી જાય છે. તેમણે ઈ-પ્રોક્યુરમેન્ટ, ઈ-ટેન્ડરીંગ અને ઈ-પેમેન્ટ જેવી વ્યવસ્થા વધુ સુદ્રઢ બને તેમ ભારપૂર્વક જણાવ્યું હતું. આ ઉપરાંત ડો. સુબ્રમણ્યમે રાજ્ય સરકાર દ્વારા લોકહિતના જે કંઈપણ કાર્યો થાય છે તેનું નિરીક્ષણ-પૃથ્થકરણ સક્ષમ અધિકારી કે સમિતિ દ્વારા થવું જોઈએ તેમ પણ જણાવ્યું હતું. ગુણવત્તાના માન્ય માપદંડો માટે કવોલિટી કંટ્રોલ સિસ્ટમ જેવી પ્રણાલિને તેમણે આવકારી હતી. આ બેઠકમાં ઉપસ્થિત રહેલા મુખ્ય સચિવ એ. કે. જોતિએ ભ્રષ્ટાચાર નિવારણ અંગે તેમજ પ્રજાલક્ષી વહીવટમાં વધુને વધુ પારદર્શિતા લાવવા માટે ઉઠાવેલા વિવિધ પગલાંની માહિતી આપી હતી.

આ બેઠકમાં નાણાં વિભાગના અધિક મુખ્ય સચિવ વરેશ સિંહાએ પણ પારદર્શી વહીવટ માટેના પગલાં વિશે વિસ્તૃત માહિતી આપી હતી. રાજ્યભરમાં તા. ૨૯.૧૦.૧૨ થી તા. ૩.૧૧-૧૨ સુધી યોજાનારા સતર્કતા જાગૃતિ સપ્તાહ અંતર્ગત રાજયના જુદા જુદા વિભાગોના સચિવો સાથે યોજાયેલી આ બેઠકમાં ઉપસ્થિત સૌ ઉચ્ચ અધિકારીઓએ ભ્રષ્ટાચાર નિવારણ અંગે શપથ લીધા હતા. અને ભ્રષ્ટાચાર નિર્મૂલન માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

શબ્દાવલી - ૪૮૮૬

૧			૨	■	૩		૪
	■	■	૫	૬		■	
૭		૮	■	૯		૧૦	
	■		■	■	૧૧		■
	■	૧૨	૧૩	૧૪	■	૧૫	૧૬
■	૧૭	■	૧૮		■	૧૯	
૨૦		■	૨૧			■	
૨૨			■		■	૨૩	

આડી ચાવી

૧. ભેજવાળી જમીનમાં દેખાતો એક કીડો (૪)
૩. હળદરના રંગનું, દા.ત. લાલાશ (૩)
૭. જૂતા, જોડા (૩)
૯. આ પ્રકારની માટીમાંથી સુંદર મૂર્તિઓ અને વાસણ બનાવાય છે (૪)
૧૧. પૃથ્વી, ધરા (૨)
૧૨. ડીશ, તાસક, કપ... (૩)
૧૫. કાપી કે મારી નાખવું, ... કરવો (૨)
૧૮. સહાય કરનાર (૨)
૧૯. 'રટ' શબ્દ ઊંધો (૨)
૨૦. વિષયી, વિષયાસક્ત (૨)
૨૧. બહુ લપ કરે તેવું (૩)
૨૨. હોડ, બોલી, કરાર (૩)
૨૩. વિજય, જીતવું તે (૨)

ઊભી ચાવી

૧. અણમાનીતું, અણગમતું (૫)
૨. ઉપયોગનું અંગ્રેજી (૨)
૩. સગોત્ર, એક જ પિતૃકુળમાં ઉત્પન્ન થયેલું (૪)
૪. રોડ, રસ્તો (૩)
૬. પહેલા જીવનથી કંટાળેલા લોકો... એ જઈ કરવત મુકાવતા (૨)
૮. ભુંડ જેવું એક પ્રાણી (૩)
૧૦. ભેળસેળ (૩)
૧૩. હોંશિયાર, ચતુર (૩)
૧૪. બિલીના ઝાડનાં પાંદડા (૪)
૧૬. ધીરજ, ધૈર્ય (૪)
૧૭. ધનવાન, ધનિક (૩)
૨૦. આડખીલી, એક ઉદ્ગાર... આવું હોત તો...(૨)

શબ્દાવલી ૪૮૮૫ના જવાબ

આડી ચાવી :- (૧) વિધિસર (૪) પાઉચ (૭) પરાર (૮) નઘરોળ (૯) દાણ (૧૧) જવ (૧૨) ઓડકાર (૧૪) કમંડળ (૧૬) મત (૧૮) ચડાણ (૧૯) વાતાયન (૨૦) કણ (૨૧) ફોતરા (૨૨) વાડ (૨૩) મરોડ

ઊભી ચાવી :- (૧) વિપદા (૨) ધિરાણ (૩) સર (૪) પાઘ (૫) ઉરોજ (૬) ચળવળ (૧૦) પડળ (૧૨) ઓડણ (૧૩) રમતારામ (૧૪) કચકચ (૧૫) મંડાણ (૧૭) તય (૧૯) વાત (૨૧) ફોડ

હિંમતનગર બાયપાસ ટોલ ટેક્ષ નજીકથી ચાર જીપ ડાલામાંથી ૧૧ પશુઓ સાથે ૬ પકડાયા

હિંમતનગર, તા. ૧

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર બાયપાસ માર્ગ પરથી ગુરૂવારના રોજ સવારે ૧૦ વાગેના સમયે હિંમતનગર ગ્રામ્ય પોલીસ બાતમીના આધારે ટોલ ટેક્ષ પર વોચ કરી રહ્યા હતા.

દરમિયાન જીપ ડાલા નંબર જીજે-૯-વાય-૯૪૩૪, જીજે-૨૦-યુ-૩૯૧૮, જીજે-૧૮-એટી-૧૯૮૨, જીજે-૬-વાય-૮૩૪૦ ને રોકી તપાસ કરતા ૧૧ ભેંસોને બેરહેમીથી બાંધીને લઈ જતા પકડી પાડેલ જેથી પોલીસે મોડાસાના રાણા સૈયદ વિસ્તારના અનવર હસન મુલતાની, રમજાન અલ્લારખા મુલતાની, રાજુ કાલુ મુલતાની અને સફી નુરમોહમદ મુલતાની અને તલોદના છનાપુર ગામના નીકુસિંહ માનસિંહ ઝાલા અને ફિરોજ અકબર ભટ્ટી સહીત છ જણાને પકડી પાડી ૮ લાખની ચાર જીપ ડાલા અને ૫૫ હજારના પશુ સહિતનો મુદ્દામાલ કબજે લીધેલ અને પશુઓ ઈડર પાંજરા પોળમાં મોકલી આપેલ અને હિંમતનગર ગ્રામ્ય પોલીસમથકે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

લોકાયુક્તની નિમણુંક કરશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગામની જ વ્યક્તિ પોલીસ સાથે સંકલન કરી શકે તે પ્રકારનું અલાયદું તંત્ર ગોઠવાશે. આ ઉપરાંત લોકાયુક્તની તાત્કાલિક નિમણુંક કરાશે. લોકાયુક્તની નિમણુંક હાઈકોર્ટના ચીફ જસ્ટિસે કરેલી ભલામણ મુજબ કરાશે અને લોકાયુક્તને વધુ સત્તાઓ અપાશે. અને લોકાયુક્ત દ્વારા ભાજપ સરકારના ૧૭ કૌભાંડોમાં એક લાખ કરોડના ભ્રષ્ટાચારની તપાસ કરાશે. તેમણે કહ્યું હતું કે, ગુજરાત વિધાનસભામાં રાજ્ય તકેદારી આયોગ કાનૂન બનાવીને તકેદારી આયગને સ્વાયત્ત બનાવશે. આરટીઆઈના કાયદા હેઠળ અરજદારોને તાત્કાલિક માહિતી પુરી પાડે તેવું તંત્ર ગોઠવાશે. ભ્રષ્ટાચાર સામે લડતા નાગરિકોને પુરતી સલામતી પુરી પડાશે. પબ્લીક સર્વિસીસ એકાઉન્ટીબીલીટી એક્ટ બનાવીને ૧૦૫ જેટલી નાગરિક સેવાઓ નિશ્ચિત સમયમર્યાદામાં મળે અને ભ્રષ્ટાચાર નાબૂદ થાય તે માટે જવાબદારી નક્કી કરાશે.

ગુજરાતમાં દરરોજ ત્રણથી વધારે હત્યાઓ થઈ રહી છે

અમદાવાદ, તા.૧

કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે રાજ્યમાં જુદાજુદા ગુનાઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. ભાજપ સરકારે સત્તામાં આવવા માટે સલામત ગુજરાતની અને ભયમુક્ત ગુજરાતની વાતો કરીને મતદારો પાસેથી મત માગ્યા હતા. આઈપીસીની જુદીજુદી કલમો હેઠળ ઘણા કેસો નોંધાયેલા છે. ૨૦૦૧થી ૨૦૧૧ના ગાળામાં ૧૨૬૪૯ ખૂનના કેસ નોંધાયા છે. એટલે કે ગુજરાતમાં દરરોજ ત્રણ કરતા વધુ હત્યાઓ થઈ રહી છે. હત્યાના પ્રયાસમાં ૫૫૬૦ બનાવ બન્યા છે જ્યારે બળાત્કારના ૩૭૭૬ બનાવ બન્યા છે. કોંગ્રેસે આંકડાકીય માહિતી આપતા જણાવ્યું કે મહિલાઓ અને છોકરીઓના અપહરણના ૧૧૩૯૧ કેસો નોંધાયા છે અને કુલ અપહરણના ૧૩૫૨૬ બનાવો નોંધાયા છે. ૨૦૦૧થી ૨૦૧૧ના ગાળામાં બળાત્કારના કેસોમાં વધારો થયો છે. સ્ત્રીઓ અને છોકરીઓના અપહરણના બનાવમાં વધારો થયો છે. કોંગ્રેસના પ્રવક્તા મનીષ એમ દોશીએ માહિતી આપતા કહ્યુ છે કે ગુજરાતમાં બાળ અપરાધ અને બાળગુનાખોરીમાં વધારો થઈ રહ્યો છે. બાળ અપરાધના રાષ્ટ્રીય ક્રાઈમ રેટમાં ગુજરાત પાંચમાં ક્રમાંકમાં છે. ગુજરાતમાં દરરોજ ૨૦ લોકો ગુમ થઈ રહ્યા છે. ઘણા લોકોનો હજુ સુધી પત્તો લાગ્યો નથી. ગુજરાતમાં ૨૯ શહેર જિલ્લામાં છેલ્લા ૧૦ વર્ષમાં મંદિર અને આશ્રમ ચોરી, લૂંટના બનાવમાં વધારો થયો છે. ગુજરાતમાં ધાડના ૩૫૫૫ કેસો બન્યા છે. ચોરીના બનાવો પણ ઓછા નથી. હુલ્લડના ૨૦૪૩૪ બનાવો બન્યા છે.

નવી સીરીઝમાં...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નવી સીરીઝને અનુલક્ષી પસંદગીના નંબર મેળવવા માટે અગાઉ વાહનમાલિકો દ્વારા આર.ટી.ઓ. કચેરીને અરજી સુપ્રત કરવામાં આવી હતી. જે અન્વયે આર.ટી.ઓ. દ્વારા પસંદગીના નંબરો માટે હાથ ધરાયેલી હરાજીની પ્રક્રિયા અન્વયે વિવિધ ૮૩ નંબરોની ફાળવણી કરવામાં આવી હતી. જેમાં માત્ર ૯ નંબર મેળવવા માટે રૂ. ૧.૬૧ લાખની ઉંચી રકમ ચુકવાઈ હતી. આ ઉપરાંત ૭, ૩૩૩, ૫૫૫, ૭૭૭ સહિત ચાર અઠ્ઠા અને ચાર નવડાના નંબર માટે પણ વાહનમાલિકોએ રૂ. ૭૭૭૭૮ થી લઈ રૂ. ૧૫૫૫૫ ચુકવ્યા હતા. નવાઈની વાત એ છે કે માત્ર ૧૩નો નંબર મેળવવા માટે પણ હરાજીમાં રૂ. ૨૦ હજારની કિંમત ચુકવાઈ હતી. આ ઉપરાંત ચાર પંજા માટે ૩૨,૫૦૦ અને ૩૪૫૬ નંબર રૂ. ૨૧,૧૧૧ની ઉંચી રકમે મેળવાયા હતા. આર.ટી.ઓ. કચેરીને પસંદગીના નંબર માટે મળેલી ૪૭૪ જેટલી અરજીઓ અન્વયે રૂ. ૩૦.૮૦ લાખની વિક્રમી આવક પ્રાપ્ત થઈ છે. જ્યારે એક જ નંબર માટે આવેલી એક થી વધુ અરજીઓ રદ કરવામાં આવી હતી.

મોડલ પાટનગરની કલ્પના

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રજામત ભાજપની તરફેણમાં હતો કારણ કે બહુમતિ કોંગ્રેસની હોવા છતાં મતો ભાજપને ૧૬૦૦ જેટલા વધુ મળ્યા હતા.

પ્રજામત ભાજપની તરફેણ કરતો હતો અને મેયર બન્યા બાદ મુખ્યમંત્રીશ્રીના વિકાસના અભિગમને મેં નજીકથી જોયો એથી પણ પ્રભાવિત થયો હતો અને એટલે જ એમની આરંભેલી વિકાસયાત્રામાં જોડાયો છું.

ભાજપને બહુમતિ મળશે તેવો વિશ્વાસ વ્યકત કરી તેમણે જણાવ્યું હતું કે સરકાર અને કોર્પોરેશન વચ્ચે યોગ્ય સમન્વયની કડી બની મોડેલ પાટનગર બનાવવાની કલ્પના છે.

શ્રી રાણાએ જણાવ્યું હતું કે મોડેલ પાટનગરની જે કલ્પના છે તેમાં '૦' ફરિયાદ હોય એટલું જ નહિ પણ આ નગરના રસ્તા સુંદર, સ્વચ્છ અને હરિયાળી સભર હોય, સેવાઓ ઉત્તમ પ્રકારની ઉપલબ્ધ બને તે બધી બાબતોનો સમાવેશ થાય છે.

પાણીની સેવાઓ હવે સ્વીકારશો એમને? એવા પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યું હતું કે આપણે ના પાડી જ નથી પરંતુ મુદ્દો મુલત્વી રાખ્યો છે.